Gujarati Midday Pg 14, 23rd June 2022

# ટીથર દ્વારા પાઉન્ડ સ્ટર્લિંગ પર આધારિત સ્ટેબલકૉઇન લૉન્ચ કરાશે

**ક્રિપ્ટોકરન્સી** ક્ષેત્રની મોટી કંપની ટીથરે બુધવારે જણાવ્યા મુજબ એ હવે બ્રિટિશ પાઉન્ડ સ્ટર્લિંગ પર આધારિત સ્ટેબલકૉઇનનું આવતા મહિને લૉન્ચિંગ કરશે. એક બાજુ બ્રિટનમાં ક્રિપ્ટોકરન્સી પર નિયમન લાદવાની વાતો થઈ રહી છે ત્યારે ટીથરની આ પહેલ નોંધનીય બને છે. અહીં જણાવવું રહ્યું કે પરંપરાગત ફિયાટ કરન્સીના મૂલ્યની સાથે સાંકળીને સ્ટેબલકૉઇનનું મૂલ્ય નિશ્ચિત કરવામાં આવે છે. કૉમોડિટી અથવા સોનાના મૂલ્ય સાથે સાંકળીને પણ સ્ટેબલકૉઇન રચી શકાય છે. હાલમાં ટેરાયુએસડી નામના સ્ટેબલકૉઇનનું મૂલ્ય ઓચિંતું તૂટી ગયાની ઘટના જાણીતી છે. દરમ્યાન, સ્ટૉક્સ માર્કેટની રાહે ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં પણ ઘટાડો થયો છે. રોકાણકારોને ફરીથી અમેરિકામાં મંદી આવવાની શક્યતાને લઈને ભીતિ જોવા મળી રહી છે. અમેરિકન ટ્રેઝરીઝ તથા સલામત ગણાતી ઍસેટ્સના ભાવમાં વૃદ્ધિ થવાને પગલે રોકાણકારો સાવચેત થઈ ગયા છે.

અગાઉ, ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રિપ્ટો ઇન્ડેક્સ - આઇસી૧૫ બુધવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં ૪.૦૨ ટકા (૧૧૨૫ પૉઇન્ટ) ઘટીને ૨૬,૭૯૯ પૉઇન્ટ બંધ રહ્યો હતો. ઇન્ડેક્સ ૨૭,૯૨૪ ખૂલીને ૨૮,૬૮૦ સુધીની ઉપલી અને ૨૬,૧૭૪ પૉઇન્ટની નીચલી સપાટીએ ગયો હતો.